જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૨/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૧૯૪/૨૦૨૬**

નરોડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૩૧/૨૦૧૮ ઈપીકો કલમ ૩૦૨, ૧૨૦(બી), ૩૪ મુજબ તથા સેશન્સ કેસ નં.૬૦૯/૨૦૧૮ મુજબ ગુનાના કામે આરોપી બીજેન્દ્ર ઉર્ફે રીંકુ સ/ઓ ચાંદસિંગ ગંગાબિશન વાલ્મીકી (ઉ.વ.૨૪) (રહે. ઘાકનપુરા વાસ, રબારીવાસ મહાકાળી માતા મંદિરની પાસે, નાના ચીલોડા ગામ, નરોડા અમદાવાદ શહેર. મુળ વતનઃ– ગામઃ બોસ્ટી, તા.ટુહાના, જી.ફતીયાબાઝ, હરીયાણા નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી એમ.પી.પુરોહીત સાહેબ, એડીશનલ પ્રીન્સીપાલ જર્જ, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૯૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૯૭ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૭૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૯૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૯૭/૨૦૨૬**

ઓઢવઃ પ્રકાશભાઈ નારણભાઈ કડીયા (ઉ.વ.૪૫) (રહે. મલબાર ગોલ્ડ એમ.જી.રોડ ગંગોત્રી ચાર રસ્તા પાસે નિકોલ ઓઢવ) તા.૦૭/૦૨/૨૦૨૬ બપોરના ૦૨/૦૦ વાગ્યાના સુમારે કાર ચલાવી ઈન્ડીયન ઓઈલ પેટ્રોલપંપ અને ટી.જી.બી.હોટલ વચ્ચે થી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રાફીકના લીધે કાર ઉભી રાખી હતી દરમ્યાન કારના દરવાજાના કાચ ખુલ્લા હોવાથી બે અજાણ્યા પુરૂષોએ પ્રકાશભાઈની નજર ચુકવી કારમાંથી મોબાઈલ ફોન નંગ–૨ કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦/– ચોરી કરી લીધા હતા. આ અંગેની ફરીયાદ પ્રકાશભાઈ કડીયા એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.ચૌહાણ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૯૮/૨૦૨૬**

કૃષ્ણનગરઃ દિલીપભાઇ રવજીભાઇ કાનાણી (ઉ.વ.૪૩) (રહે. ઇન્દ્રવિહાર સોસાયટી સરદાર મોલ સામે ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૨/૨૦૨૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૨/૨૦૨૬ સાંજના ૦૫/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાલીશકુમાર બીપીનભાઈ ચલાવે છે.

રામોલઃ કાળુ ગોપાલભાઇ હજારીભાઇ ખટીક (ઉ.વ.૩૦) (રહે. શિવપાર્ક રામરાજ્યનગર રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૨/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જેરામભાઇ વાલજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી